**નવી બાબત ૨૦૨૦-૨૧**

ડૉ.આંબેડકર ભવન, બોટાદના બાંધકામ બાબતે સુધારેલી વહીવટી મંજૂરી રૂ.૩૨૩.૩૭ લાખ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: અબડ/૧૦૨૦૧૯/૬૦૭૫૫૬/ન.બા.૨૨/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૨૬/૧૦/૨૦૨૧

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૮/૧૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૦/૬૧૮૫-૬૧૮૬

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/૦૯/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: અબડ/૧૦૨૦૧૯/૬૦૭૫૫૬/ન.બા.૨૨/ગ

આમુખ:

અનુસૂચિત જાતિના લોકોમાં આવેલી સભાનતા અને સમાજમાં શૈક્ષણિક અને સામાજિક પ્રવૃતિઓમાં થયેલ વધારાને તથા પછાત વર્ગોના ઉત્કર્ષને ધ્યાનમાં રાખી રાજ્યના તમામ જિલ્લા મથકે પ્રવર્તમાન એસ.ઓ.આર. મુજબ જિલ્લા કક્ષાના ડૉ. આંબેડકર ભવનો બાંધવાનું નક્કી કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના તા.૧૪/૦૯/૨૦૨૦ના ઠરાવથી ડૉ. આંબેડકર ભવન, બોટાદના મકાનનાં બાંધકામ રૂ.૫૪.૯૭ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક:(૧)ના નિયામકશ્રી(અજાક)ના તા.૦૮/૧૨/૨૦૨૦ના પત્રથી ડૉ. આંબેડકર ભવન, બોટાદના મકાન બાંધકામના રૂ.૩૨૩.૩૭ લાખનાં અંદાજો મુજબ સુધારેલી વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી(અજાક)ની ઉક્ત દરખાસ્ત અનવ્યે ડૉ. આંબેડકર ભવન, બોટાદના મકાનનાં બાંધકામ માટે રૂ.૩૨૩.૩૭ લાખની સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવે છે. સદરહુ વહીવટી મંજૂરી વંચાણે લીધેલ ક્રમાંક:(૨) ના તા.૧૪/૦૯/૨૦૨૦ના ઠરાવની શરતોને આધીન આપવામાં આવે છે. ઉક્ત કામ માટે નિયામકશ્રી(અજાક) દ્વારા ચાલુ અને આગામી નાણાકીય વર્ષોમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર- ૦૧ SCW-33 ડૉ.આંબેડકર ભવનનું બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૩/૧૦/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૧